# ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, વલસાડ

## <u>જાહેર ઈ-નિવિદા</u>

અત્રેની ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, વલસાડના તાબામાં (૧) વાપી ખાતે આવેલ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ બિલ્ડીંગમાં ચોથા માળે આવેલ જગ્યામાં 'ઝેરોક્ષ રૂમ' ના સંચાલન માટે બહોળો અને લાંબો અનુભવ ધરાવતી સંસ્થાઓ પાસેથી આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી તે સંસ્થાઓએ સ્થળ તપાસ તારીખ ૨૦-૧૧-૨૦૨૧ સુધી (રજાના દિવસો સિવાય) કરી શકશે અને પોતાના ભાવપત્રકો **<u>ભાડું ચુકવવા સાથે અને ભાડું માફ કરવામાં આવે તો</u>** તે અંગેના ભાવપત્રકો તારીખ ૨૩-૧૧-૨૦૨૧ ના ૧૬-૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડના નાઝર વિભાગમાં જમા કરાવવાના રહેશે.

(૨) ડિસ્ટ્રીકટ કોર્ટ વલસાડ અને તાબાની તાલુકા કોર્ટો માટે નેઈમ પ્લેટના બોર્ડ/સ્લોગન બોર્ડ, વીનાઈલ પડદા, ફીલ્મ તથા વોલ પેપર ખરીદ કરવા માટે બહોળો અને લાંબો અનુભવ ધરાવતી સંસ્થાઓ પાસેથી આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી તે સંસ્થાઓએ સ્થળ તપાસ તા. ૨૦-૧૧-૨૦૨૧ સુધી (રજાના દિવસો સિવાય) કરી શકશે અને પોતાના ભાવપત્રકો તા. ૨૩-૧૧-૨૦૨૧ ના ૧૬-૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડના નાઝર વિભાગમાં જમા કરાવવાના રહેશે. બંને ટેન્ડરો તા.૨૪/૧૧/૨૦૨૧ ના રોજ કલાક ૩.૩૦ વાગ્યે ડિસ્ટ્રીકટ કોર્ટ, વલસાડ ખાતે ખોલવામાં આવશે.

ઉપરોકત બંને ટેન્ડરોના ફોર્મ, શરતો અને માહીતી અત્રેની કચેરીની વેબસાઈટ https://districts.ecourts.gov.in/india/gujarat/valsad/tender ઉપર ઉપલબ્ધ છે.

**તા. ૧૨-૧૧-૨૦૨૧**

**રજીસ્ટ્રાર**
**ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ,**
**વલસાડ.**

**ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, વલસાડ**

**ટેન્ડર નોટીસ**

**ઝેરોક્ષરૂમનો લાયસન્સ ફી થી કોન્ટ્રાકટ આપવા બાબત.**

---

ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડના તાબામાં આવેલ પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, વાપીના બિલ્ડીંગમાં ચોથામાળે આવેલ જગ્યામાં ઝેરોક્ષ રૂમ ચલાવવા માટેનો કોન્ટ્રાકટ માસીક લાયસન્સ ફી થી ટેન્ડર મંજુર થયા તારીખથી ૦૧ (એક) વર્ષ સુધી આપવાનો છે.

સદર ઝેરોક્ષરૂમ માટેની મુકરર કરેલ જગ્યાની માસીક લાયસન્સ ફી રૂા.૧૮૨૦ /- (અંકે રૂપિયા એક હજાર આઠસો વીસ પુરા) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, વલસાડ ધ્વારા નકકી કરવામાં આવેલ છે.

આ અંગે રસ ધરાવનાર એજન્સીને કવોટેશન બંધ કવરમાં ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડનાં નાઝર વિભાગમાં જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી સાત દિવસની અંદર બપોરના ૦૪-૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે. ત્યારબાદ આવેલ ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહી, તથા કવર પર **'' ઝેરોક્ષ રૂમનું ભાવ પત્રક ''** એમ અવશ્ય જણાવવું તથા ટેન્ડર ફી પેટે રૂા. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) **(નોન રીફંડેબલ) ડિસ્ટ્રિકટ કોર્ટ, વલસાડના** નાઝર વિભાગમાં જમા કરાવવાની રહેશે. જે ટેન્ડર ફીની પહોંચની ઝેરોક્ષ કોપી સીલબંધ ટેન્ડરના કવર ઉપર લગાવવી.

સદર જાહેરાત અન્વયે પુછપરછ, ઝેરોક્ષ રૂમની જગ્યા જોવા માટે તથા જાહેર નિવિદાની શરતોની જાણકારી માટે **પ્રિન્સીપાલ સીની.સીવીલ કોર્ટ, વાપીની કચેરીના નાઝર વિભાગ ખાતે રજાના દિવસો સિવાય કચેરી સમયમાં સંપર્ક કરવાનો રહેશે.** ભાવ પત્રક મંજુર રાખવું કે ન રાખવું તે અંગેનો અબાધિત અધિકાર અત્રેની કચેરીને રહેશે.

કોન્ટ્રાકટરે નીચે જણાવ્યા મુજબની ઝેરોક્ષના પ્રકાર પ્રમાણે પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, વાપીની કચેરીના ઝેરોક્ષ રૂમમાં સેવા આપવાની રહેશે તે સિવાયની અન્ય

કોઈપણ સ્ટેશનરી, લેમીનેશન ઈત્યાદી કામગીરી ઝેરોક્ષરૂમમાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, વાપીની કચેરીના પરવાનગી વિના કરી શકાશે નહી.

| ઝેરોક્ષનો પ્રકાર | મહત્તમ ભાવ પાના દીઠ (રૂપિયામાં) | | |
|---|---|---|---|
| | કુલ ઝેરોક્ષ નંગ ૧ થી ૧૦ હોય ત્યારે | કુલ ઝેરોક્ષ નંગ ૧૦ થી ૨૦ હોય ત્યારે | કુલ ઝેરોક્ષ નંગ ૨૦ થી વધુ હોય ત્યારે |
| એ–૪ | | | |
| લીગલ | | | |
| એ–૩ | | | |

ANNEXURE-A

**::- શ ર તો -::**

(૧) ઝેરોક્ષ રૂમના કોન્ટ્રાકટનો સમયગાળો ટેન્ડર મંજુર થયા તારીખથી ૦૧(એક) વર્ષ સુધી નો રહેશે.

(૨) ઝેરોક્ષરૂમની માસીક લાયસન્સ ફી રૂા.૧૮૨૦/-(અંકે રૂપિયા એક હજાર આઠસો વીસ પુરા) રહેશે.

(૩) ઝેરોક્ષ રૂમની એક વર્ષની સિકયુરીટી ડિપોઝીટ તરીકે રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટનો હુકમ મળ્યેથી દિન-૧૫ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે. સદર રકમ કોન્ટ્રાકટ સારી રીતે પુરો થયા બાદ પરત આપવામાં આવશે. જો ઝેરોક્ષ રૂમના કોન્ટ્રાકટર તરફથી કચેરી તરફે કોઈ નુકશાન થાય તો કચેરી નકકી કરે તેટલી નુકશાનીની રકમ સીકયુરીટી ડીપોઝીટની રકમમાંથી જે તે સમયે વસુલ લેવામાં આવશે. વધુમાં સિકયુરીટી ડિપોઝીટ અને માસીક ભાડાની રકમમાં વધારો-ઘટાડો કરવાનો અબાધિત હકક અત્રેની કચેરીના પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજશ્રીને રહેશે.

(૪) ઝેરોક્ષ રૂમના કોન્ટ્રાકટરે માસીક લાયસન્સ ફીની રકમ દરેક માસની પાંચ તારીખ સુધીમાં નિયમિત રીતે અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહે, જો લાયસન્સ ફી નિયત સમયમાં જમા કરાવવામાં ન આવે તો પ્રતિદિન રૂા.૫૦-૦૦ લેખે લેઈટ ફી સાથે લાયસન્સ ફી જમા કરાવવાની રહેશે.

(૫) જો કોન્ટ્રાકટર સતત બે માસ સુધી લાયસન્સ ફી જમા કરાવવામાં નિષ્ફળ રહે તો તેવા સંજોગોમાં કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા સિવાય કોન્ટ્રાકટરનું લાયસન્સ રદ કરવામાં આવશે.

(૬) ઉપર જણાવ્યા પ્રમાણેની માસીક લાયસન્સ ફીમાં વેરાબીલ/ લાઈટબીલ વિગેરેનો સમાવેશ થતો નથી.

(૭) ઝેરોક્ષ રૂમમાં માટે દક્ષિણ ગુજરાત વિજ કંપનીનું મીટર રહેશે. જે ઝેરોક્ષ રૂમની બહાર આવેલ છે. જેના ઈલેકટ્રીક વીજ બીલની સંપૂર્ણ રકમ કોન્ટ્રાકટરે ચુકવવાની રહેશે.

(૮) ઝેરોક્ષ રૂમને લગતા વાપી નગરપાલીકના આખા નાણાંકીય વર્ષના જે કોઈ વેરા આવે તે કોન્ટ્રાકટરે ભરવાના રહેશે અને વેરા બીલ તથા વેરા બીલ ભર્યા અંગેની રસીદની ઝેરોક્ષ કોપી અત્રેની કચેરીમાં જમા કરાવવાનાં રહેશે. જો અલગથી આકારણી કરવામાં ન આવે તો ઝેરોક્ષ રૂમના વેરાની જે ગણતરી કોર્ટ કરશે તે રકમ કોન્ટ્રાકટરે ભરવાની રહેશે.

(૯) જો કોન્ટ્રાકટર કોન્ટ્રાકટ રીન્યુ કરાવવા ઈચ્છતા હોય તો કોન્ટ્રાકટ પુરો થયાના બે મહીના અગાઉ અરજી કરવાની રહેશે અને પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજશ્રી ઈચ્છે તો કોન્ટ્રાકટ વધુ સમય માટે રીન્યુ કરી શકશે.

(૧૦) કોન્ટ્રાકટર ધ્વારા સદર કોન્ટ્રાકટનો કોઈપણ ભાગ કે પુરો કોન્ટ્રાકટ કોઈપણ ત્રાહીત વ્યકિત, શખ્સ કે સંસ્થાને પેટા હકકથી આપી શકાશે નહી.

(૧૧) કોન્ટ્રાકટર સદર જગ્યાનો ઝેરોક્ષ મશીન (લેમીનેશન મશીન સહીત) મુકવા સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહી. સદર જગ્યામાં કોન્ટ્રાકટર કોમ્પ્યુટર કે ટાઈપ મશીન મુકી કોઈપણ પ્રકારનું જોબ વર્ક કરી શકશે નહી. તેમજ સદર જગ્યામાં કોન્ટ્રાકટર સ્ટેશનરીને લગતી કે અન્ય વસ્તુનું વેચાણ કરી શકશે નહી.

(૧૨) કોન્ટ્રાકટરે ઝેરોક્ષ રૂમની જગ્યામાં લગાવવામાં આવેલ બારી, બારણાં, લાઈટ–પંખા કે ઝેરોક્ષ રૂમ ની સ્થળ સ્થિતિમાં કોન્ટ્રાકટર કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહી. ઝેરોક્ષ રૂમમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં અત્રેની કચેરીના નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજશ્રીની પૂર્વ પરવાનગી વિના કરી શકાશે નહી.

(૧૩) ઝેરોક્ષ રૂમ માટે ફાળવવામાં આવેલ જગ્યાની નિભાવણી કરવાની તમામ જવાબદાર કોન્ટ્રાકટરની રહેશે.

(૧૪) કોન્ટ્રાકટરે કોર્ટ બિલ્ડીંગમાં ઝેરોક્ષ રૂમ ચલાવવા માટે કાયદા મુજબ જે સરકારી / અર્ધસરકારી કચેરીના લાયસન્સની જરૂર હોય તેવા લાયસન્સ મેળવવા માટેની સંબંધીત કચેરીઓમાં જાતે કાર્યવાહી કરી જરૂરી લાયસન્સ તાકીદે મેળવી લેવાના રહેશે.

(૧૫) નવ નીર્મીત કોર્ટ બિલ્ડીંગને અનુરૂપ સારી ગુણવતાવાળા ઝેરોક્ષ રૂમને લગતા તમામ સાધનો તથા ફર્નિચર અંગેની સગવડ કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે.

(૧૬) ઝેરોક્ષ રૂમમાં વસ્તુઓ પહોંચાડવા માટેના વાહનોને ખાસ સંજોગો કે કારણો સિવાય કચેરી સમયમાં જાહેર જનતાને તકલીફ થાય તે રીતે આવવા જવા દેવામાં કે ઉભા રાખવા દેવામાં આવશે નહી.

(૧૭) બાળમજુર પ્રતિબંધક ધારા કે બીજા કોઈપણ કાયદાનો ભંગ થાય તેવું કોઈ કૃત્ય કોન્ટ્રાકટરે કરવું નહી.

(૧૮) ઝેરોક્ષ રૂમમાં વાપરવામાં આવતી સ્ટેશનરી સારી ગુણવતાવાળી હોવી આવશ્યક છે. ઝેરોક્ષ રૂમમાં કાયદાથી પ્રતિબંધિત કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહી.

(૧૯) ઝેરોક્ષ રૂમમાં આપવામાં આવતી સેવાઓ અંગેનો ભાવ અંગે નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજશ્રી તથા કમીટી મેમ્બરશ્રીઓ સમક્ષ તેઓએ આપેલ રીવાઈઝડ ભાવો મુજબ જ ઝેરોક્ષ રૂમ ચલાવાના રહેશે. અત્રેની કચેરીની પૂર્વ પરવાનગી વગર ભાવો વધારી શકશે નહી.

(૨૦) કોન્ટ્રાકટરે સુવાચ્ય ભાવપત્રકનું બોર્ડ ઝેરોક્ષ રૂમમાં પ્રસિધ્ધ કરવાનું રહેશે.

(૨૧) ઝેરોક્ષ રૂમના કચરાનો નિકાલ કોન્ટ્રાકટરે ઓફીસ સમય પહેલા અથવા ઓફીસ સમય પછી જાતે કરવાનો રહેશે.

(૨૨) ઝેરોક્ષ રૂમની આજુબાજુની જગ્યામાં હરહંમેશ સ્વચ્છતા અને ચોખ્ખાઈ રાખવાની રહેશે.

(૨૩) ઝેરોક્ષ રૂમની જગ્યા કરાર સમય દરમ્યાન ફક્ત વાપરવા માટે આપવામાં આવે છે, તેનાથી ઝેરોક્ષ રૂમના કોન્ટ્રાકટરને ભાડુઆત તરીકેનો દરજ્જો કે હકક મળવાપાત્ર રહેશે નહી.

(૨૪) ઝેરોક્ષ રૂમમાં જોખમકારક વસ્તુઓ રાખવી કે સંગ્રહ કરવો નહી.

(૨૫) ઝેરોક્ષ રૂમમાં ફાયર સેફટીની સુવિધા પ્રવર્તમાન નિયમ અનુસાર કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે. ફાયર સેફટીની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૨૬) ઝેરોક્ષરૂમમાં ટીવી. રેડીયો કે ટ્રાન્ઝીસ્ટરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

(૨૭) ઝેરોક્ષ રૂમમાં રાખનારા કોન્ટ્રાકટરના માણસોએ ઝેરોક્ષ રૂમમાં આવનાર અધિકારીઓ, વકીલો, સ્ટાફ–કર્મચારીઓ તથા પક્ષકારો સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે.

(૨૮) ઝેરોક્ષ રૂમ ચલાવવાનો સમય કોર્ટના કામકાજના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦૦ કલાકથી સાંજના ૬–૦૦ સુધીનો રહેશે. બાકીના સમયગાળામાં ઝેરોક્ષ રૂમમાં કોઈપણ વ્યકિતને રહેવા દેવાશે નહી. કોવીડ (કોરોના)ની એસઓપી ના આધારે સમય બદલવાનો અધિકાર નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટિક્ટ જજશ્રીને રહેશે.

(૨૯) કોર્ટ કંપાઉન્ડમાં આવેલા ઝાડ–પાન કે બાગ–બગીચાઓને નુકશાન થાય તેવું કોઈપણ કૃત્યુ કરવું નહી.

(૩૦) કોન્ટ્રાકટરના સમયગાળા દરમ્યાન માનવ સર્જીત કે કુદરતી કોઈપણ કારણોસર ઝેરોક્ષ રૂમનાં માલ સામાન કે કોઈપણ કર્મચારીને કંઈપણ નુકશાન થાય તો તે અંગેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૩૧) ઉપરોકત શરતોમાં ઉલ્લેખ ન હોય છતાં આ કચેરીને ઝેરોક્ષ રૂમ માટે ભવિષ્યમાં યોગ્ય જણાય તેવી શરતો/નિયમો કે હુકમ કરી શકશે અને તેનો અમલ કરવા કરાવવાનો રહેશે.

(૩૨) અત્રેની કચેરીના નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજશ્રી અથવા તો તેમના દ્વારા નિયુકત કરવામાં આવેલા પ્રતિનિધિ કોઈપણ સમયે ઝેરોક્ષ રૂમની મુલાકાત લઈ શકશે તથા ઝેરોક્ષ રૂમની સફાઈ કે તેમાં વપરાતી ચીજવસ્તુઅલની ગુણવત્તા અંગે ચકાસણી કરી શકશે.

(૩૩) કોન્ટ્રાકટ પોતાની ઈચ્છાથી કોન્ટ્રાકટ અડધેથી છોડવા માંગતા હોય તેવા સમયે કોન્ટ્રાકટર જે માસથી કોન્ટ્રકટ છોડવા જણાવે તેના એક માસ અગાઉ લાયસન્સ ફી, એવરેજ લાઈટબીલ તથા વેરાબીલ એડવાન્સમાં જમા કરાવવાનું રહેશે.

(૩૪) ઉપર જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થયેથી અત્રેની કચેરીને યોગ્ય જણાય તેવી કાર્યવાહી કોન્ટ્રાકટર વિરુધ્ધ કરી શકશે.

(૩૫) કોન્ટ્રાકટરનો સમય જે તારીખે પુરો થતો હોય તે તારીખે ઓફીસ સમય બાદ કોન્ટ્રાકટરે ઝેરોક્ષ રૂમની જગ્યાનો કબજો સોંપવાનો રહેશે. અને ઝેરોક્ષ રૂમનો કબજો સોંપતા અગાઉ ચુકવવા પાત્ર તમામ રકમ ચુકતેથી ચુકવી દેવાની રહેશે.

(૩૬) કરારના સમયગાળા દરમ્યાન કોન્ટ્રાકટરનું અવસાન થાય તો આ કરાર સમાપ્ત થયેલો ગણવામાં આવશે અને તેના કાયદેસરના વારસદારોને આ કરાર ઉપર કોઈ હકક દાવો રહેશે નહી. આમ છતાં આ સંજોગોમાં કોન્ટ્રાકટરના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે આ કામગીરી ચાલુ રાખવા માંગશે તો અવસાન થયેથી ત્રણ માસ સુધી અથવા કોન્ટ્રાકટની મુદત પુરી થવાનો સમય બંને માંથી જે વહેલુ હશે તે મુજબ આ કામગીરી ચાલુ રાખવામાં આવશે અને તે અંગે પ્રિન્સીપાલ ડિસ્ટ્રિકટ જજશ્રીનો નિર્ણય આખરી રહેશે.

(૩૭) કોન્ટ્રાકટરે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કોરોના અંગેની ગાઈડ લાઈન્સનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૮) જો વાપી નગરપાલીકા અથવા પોલીસ દ્વારા કોવીડ (કોરોના) ની ગાઈડલાઈન્સ ભંગ અંગેની કાર્યવાહી થાય તો તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

તા.      /૧૧/૨૦૨૧                ----------------

એજન્સીનું નામ અને સહી

## PART - B

## QUOTATION FOR MONTHLY RENT / LICENCE FEE

| | Amount of Monthly Rent / License Fee |
|---|---|
| In Figures | Rs.________________________________________________/- |
| In Words | Rupees________________________________________________ |
| | ________________________________________________Only |

**Date :** **/11/2021**

**Place : Valsad**

**Signature of the Tenderet :**

**Full Name :**

**Designation :**